## (1) 'GOAL' પ્રોગ્રામ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ 'Going Online As Leaders' છે.
(2) આ કાર્યક્રમ જનજાતિ કાર્ય મંત્રાલયનો છે.
(3) આ કાર્યક્રમમાં ગૂગલ પણ સમાવિષ્ટ છે.
(4) આ અંતર્ગત વર્તમાન તબક્કામાં 5000 જનજાતિ યુવાઓને સશક્ત કરવાની યોજના છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જનજાતિ કાર્ય મંત્રાલયના કેન્દ્રિય મંત્રી દ્વારા "Goal" કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

⇛ આ કાર્યક્રમ જનજાતિ કાર્ય મંત્રાલય અને ફેસબુકની સંયુક્ત પહેલ છે. (આથી, વિધાન (2) સાચું છે, જ્યારે વિધાન (3) ખોટું છે.)

⇛ અહીં GOALનું પૂરું નામ Going Online As Leaders છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કાર્યક્રમ જનજાતિય યુવાઓને ડિજિટલ રીતે મેન્ટરશીપ આપવા ઈચ્છે છે.

⇛ આ કાર્યક્રમ મુખ્ય 3 બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
(1) ડિજિટલ સાક્ષરતા (2) જીવન કૌશલ્ય (3) નેતૃત્વ અને ઉદ્યમશીલતા

⇛ આ કાર્યક્રમ વર્તમાન તબક્કામાં 5000 જનજાતિ યુવાઓમાં કૌશલ્ય શિક્ષણ દ્વારા તેમને સશક્ત બનાવવા ઈચ્છે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'World Economic Situation and Prospects Report, 2020' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ વિશ્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્રના વિકાસમાં 3.2%નો ઘટાડો થશે.
(3) ભારતનો વર્ષ 2020માં વિકાસ દર 1.2% રહેશે.
(4) વિશ્વમાં 2020 સુધીમાં 3.43 કરોડ લોકો ગરીબી રેખા હેઠળ ધકેલાશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા 'World Economic Situation and Prospects Report, 2020' નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રિપોર્ટ મુજબ, વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્રના વિકાસમાં 3.2%નો ઘટાડો થશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત વિકસિત દેશોની GDP 2020માં માઈનસ (-)0.5% રહેશે.

⇛ આ રિપોર્ટ મુજબ ભારતનો વિકાસ દર 2020માં 1.2% રહેશે જે 2021માં વધીને 5.5% જેટલો થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 2021 સુધીમાં વૈશ્વિક અર્થતંત્ર ધીમે–ધીમે રિકવર (Recover) થઈ જશે. પરંતુ COVID-19ના કારણે વિશ્વ આશરે 8.5 ટ્રિલિયન ડોલર ગુમાવશે.

⇛ વર્ષ 2020 સુધીમાં અર્થતંત્રની મંદીના કારણે આશરે 3.43 કરોડ લોકો ગરીબી રેખાની હેઠળ ધકેલાઈ જશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) ‘રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના છત્તીસગઢમાં લોન્ચ કરવામાં આવશે.

(2) આ યોજના દ્વારા ગ્રામીણ અર્થતંત્રમાં 5100 કરોડ રૂપિયા દાખલ કરવામાં આવશે.

(3) ખેડૂતોને કેટલાંક નિશ્ચિત પાક માટે પ્રતિ એકર રૂ. 10,000 આપવામાં આવશે.

(4) આ યોજનામાં પ્રત્યક્ષ હસ્તાંતરિત લાભ (DBT)નો ઉપયોગ કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 21 મે, 2020ના રોજ છત્તીસગઢ સરકાર દ્વારા ‘રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના’ લોન્ચ કરવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના દ્વારા ગ્રામીણ અર્થતંત્રમાં 5100 કરોડ રૂપિયા દાખલ કરવામાં આવશે. આ માટે પ્રત્યક્ષ હસ્તાંતરિત લાભ (DBT)નો ઉપયોગ કરવામાં આવશે. (આથી, વિધાન (2) અને (4) સાચાં છે.)

⇛ આ યોજના હેઠળ કેટલાંક પાક જેવાં કે મકાઈ, શેરડી અને ચોખા માટે ખેડૂતોને પ્રતિ એકર રૂ. 10,000 આપવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યોજના દ્વારા રાજ્યના 18.7 લાખથી વધુ ખેડૂતોને લાભ થશે.

⇛ આ યોજના માટેના ફંડની જોગવાઈ રાજ્યના વર્ષ 2020-21ના બજેટમાં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) દામોદર નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ નદીને 'બંગાળના દુઃખ' તરીકે ઓળખવામાં આવે છે.

(2) આ નદી ભારતના માત્ર 2 રાજ્યોમાંથી જ પસાર થાય છે.

(3) આ નદી ફાટખીણ (Rift Valley)માંથી પસાર થાય છે.

(4) આ નદીનો ઉદ્‌ભવ વિંધ્યાચલ પર્વતમાળા પરથી થાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ દામોદર નદીનો ઉદ્‌ભવ છોટા નાગપુર ઉચ્ચપ્રદેશ પર આવેલી પલામુ ટેકરીઓ પરથી થાય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ નદી ભારતના બે રાજ્યો : ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાંથી પસાર થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ નદી ફાટખીણ (Rift Valley)માંથી પસાર થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ બરાકાર નદી એ આ નદીની મુખ્ય ઉપનદી છે.

⇛ પશ્ચિમ બંગાળમાં આ નદી દ્વારા ભયંકર પૂરની સ્થિતિ સર્જાતી હોવાથી આ નદીને 'બંગાળના દુઃખ' તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) સિક્કિમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) 16 મે એ સિક્કિમ તેનો 45મો રાજ્યદિવસ ઊજવી રહ્યું છે.
(2) તે ભારતનું 22મું રાજ્ય બન્યું હતું.
(3) તે ત્રણ દેશ સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે.
(4) કાંચનજંગા રાષ્ટ્રીય ઉદ્યાન સિક્કિમમાં 35% ભૌગોલિક વિસ્તારમાં ફેલાયેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 16 મે 2020ના રોજ સિક્કિમ દ્વારા તેનો 45મો રાજ્યદિવસ ઊજવવામાં આવી રહ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ 16 મે 1975ના રોજ સિક્કિમ ભારતમાં જોડાયું હતું અને ભારતનું 22મું રાજ્ય બન્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સિક્કિમ 3 દેશ સાથે સરહદ ધરાવે છે. (1) ચીન (2) ભૂટાન અને (3) નેપાળ (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રાજ્યની ઓફિશિયલ ભાષા નેપાળી, અંગ્રેજી, સિક્કિમીઝ અને લેપચા છે.

⇛ સિક્કિમના લગભગ 35% જેટલાં ભૌગોલિક વિસ્તારમાં કાંચનજંગા રાષ્ટ્રીય ઉદ્યાન ફેલાયેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2016માં સિક્કિમ ભારતનું અને વિશ્વનું સૌપ્રથમ સંપૂર્ણ 'ઓર્ગેનિક' રાજ્ય બન્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT